દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૬ જુલાઈ, ૨૦૨૬

# પીઓકે, ખૈબરપખ્તુનવા અને બલુચિસ્તાન પાકિસ્તાનના હાથમાંથી સરકી જશે તો બચશે શું?

પાંચ દિવસ પહેલા પાકિસ્તાન આર્મીએ શાંતિથી દેખાવો કરી રહેલા લોકો પર કરેલા ગોળીબારમાં 100થી વધારે લોકોનાં મોત થયાં છે. પાકિસ્તાન આર્મીને એમ હતું કે, જીવ જવાના ડરે લોકો ઘરોમાં ભરાઈ જશે પણ લોકોમાં ડર નથી. લોકોને ઢીલા પાડવા માટે ખોરાક સહિતની ચીજોનો પુરવઠો બંધ કરી દેવાયો છે પણ તેના કારણે પણ કાશ્મીરીઓ હિંમત હાર્યા નથી. વરસોથી પાકિસ્તાનના દમન અને અત્યાચારનો ભોગ બની રહેલા કાશ્મીરીઓ ખરાખરીનો જંગ ખેલી રહ્યા છે. પાકિસ્તાન વિરોધી આંદોલન માટે કાશ્મીરી પ્રજાએ જોઈન્ટ અવામી એક્શન કમિટી (JAAC) બનાવી છે. જે ન્યૂઝીલેન્ડમાં રહેતા કાશ્મીરી દ્વારા ઓપરેટ કરવામાં આવે છે. લોકોના અવાજને દબાવી દેવા પાકિસ્તાન સરકારે જેએએસીના નેતાઓને જેલમાં ધકેલી દીધા છે તો લોકો સ્વયંભૂ બહાર આવીને આંદોલન ચલાવી રહ્યા છે. પીઓકેના લોકોના આક્રોશનું કારણ વરસોથી પાકિસ્તાને કરેલું શોષણ છે. પાકિસ્તાન આર્મી અને શાસકોએ પોતાના ફાયદા માટે કાશ્મીરીઓને હથિયારો આપીને આતંકવાદના રવાડે ચડાવ્યાં પણ બદલામાં કશું ના આપ્યું. પીઓકે સાવ પછાત વિસ્તાર છે અને લોકો અનાજ માટે પણ પાકિસ્તાન પર નિર્ભર છે. કોઈ વિકાસ નથી, કોઈ આર્થિક પ્રગતિ નથી ને લોકો કશુંક માગે તો પાકિસ્તાન તેમને ફટકારે છે. વરસો સુધી પીઓકેની પ્રજાએ આ બધું સહન કર્યું કેમ કે પ્રજાને પાકિસ્તાનના બદઈરાદાની ખબર નહોતી ને સંગઠિત પણ નહોતા. હવે લોકો પાકિસ્તાનની ખોરી દાનત સમજી ગયા છે અને સંગઠિત પણ થયા છે તેથી આક્રોશ ફાટ્યો છે અને લોકો મેદાનમાં આવી ગયાં છે. પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં રવિવારે જમ્મુ-કાશ્મીર જોઈન્ટ અવામી એક્શન કમિટી (JAAC) ની શાંતિપૂર્ણ પ્રદર્શન રેલી પર પાકિસ્તાની દળોએ ગોળીબાર કર્યો. ANI ના અહેવાલ મુજબ, JAAC એ દાવો કર્યો કે અબ્બાસપુરના સરદાર ગુલામ હુસૈન ખાન સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં લગભગ 40,000 લોકો એકઠા થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે અલગ બલુચિસ્તાનની માંગણી ચરમસીમાએ છે. તહેરિકે તાલિબાન પાકિસ્તાનનો ખૈબરપખ્તુનવા પર આડકતરો કબજો છે. જો હવે પીઓકે પણ હાથમાંથી સરકી જશે તો પાકિસ્તાન પાસે બચશે શું? JAAC નું કહેવું છે કે આ પ્રદર્શન ઇસ્લામાબાદ સરકાર વિરુદ્ધ છે. સાથે જ, આ આંદોલન JAAC ના નેતાઓ અને કાર્યકરોની ધરપકડ, વહીવટી નિષ્ફળતાઓ અને મૂળભૂત અધિકારોની માંગને લઈને ચાલી રહ્યું છે. સંગઠને ધરપકડ કરાયેલા નેતાઓ અને કાર્યકરોની તાત્કાલિક મુક્તિની માગ કરી છે. આ પ્રદર્શન શાંતિપૂર્ણ ચાલી રહ્યું હતું ત્યારે પાકિસ્તાન ફોર્સે ત્યાં અંધાધૂંધ ફાયરિંગ કર્યું છે. JAAC એ જણાવ્યું કે રાવલાકોટ અને ચકની મહિલાઓ પણ રસ્તાઓ પર ઉતરીને આંદોલનનું નેતૃત્વ કરી રહી છે. સંગઠનનો દાવો છે કે પ્રદર્શનકારીઓ પ્રશાસનના દબાણ છતાં પાછા હટ્યા નથી. JAAC ની અપીલ પર ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં રહેતા કાશ્મીરી સમુદાયે પણ પ્રદર્શન કર્યું. પ્રદર્શનકારીઓએ JAAC ના કોર કમિટી સભ્ય શૌકત નવાઝ મીરની ધરપકડનો વિરોધ કર્યો અને તેમની મુક્તિની માગ કરી. JAAC નું કહેવું છે કે શૌકત નવાઝ મીરની ધરપકડ પછી સમગ્ર PoJK માં તણાવ વધી ગયો છે. સંગઠને સોશિયલ મીડિયા પર ‘રીલિઝ શૌકત મીર’ અભિયાન ચલાવ્યું, જેના હેઠળ લોકોને આંદોલનમાં જોડાવા અપીલ કરી. પ્રદર્શન દરમિયાન ‘લોંગ લીવ કાશ્મીર’ અને ‘લોંગ લીવ ધ પીપલ’ જેવા નારા લગાવવામાં આવ્યા હતાં. PoK માં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો પર ભારતે પાકિસ્તાન પર ફેક ન્યૂઝ અને ફેક વીડિયો ફેલાવવાનો આરોપ લગાવ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે આ મામલે પાકિસ્તાન તરફથી સતત ખોટા સમાચાર અને વીડિયો ફેલાવવાની પેટર્ન જોવા મળી રહી છે. તેમણે કહ્યું કે આ પોતાની નિષ્ફળતાઓને છુપાવવા અને માનવાધિકાર ઉલ્લંઘન પરથી ધ્યાન હટાવવાનો નિરાશાજનક પ્રયાસ છે. રણધીર જયસ્વાલે કહ્યું કે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં પોલીસની ક્રૂરતાના અહેવાલો સામે આવી રહ્યા છે, જેમાં ઘણા લોકોના મોત થયા છે અને ઘણા ઘાયલ થયા છે. તેમણે કહ્યું કે ભારતને આશા છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય પાકિસ્તાનના ખોટા કાર્યો અને માનવાધિકાર ઉલ્લંઘન માટે તેને જવાબદાર ઠેરવશે.

## કથા કથન

***‘ગાંઠ છૂટ્યાની વેળા’, ‘બંદીવાન’, ‘અણસાર’, ‘મૃત્યુદંડ’, ‘ક્રોસરોડ’ જેવી નવલકથા લખનાર વર્ષા અડાલજાએ ‘પગલું માંડું હું અવકાશમાં’ નામે આત્મકથા (૨૦૨૨માં) લખી છે. અહીં જે છે તે તેમની આત્મકથાનાં ફક્ત ૧૧૩ પૃષ્ઠ સુધીનું જ છે. લખતાં લખતાં તમે અભિવ્યક્તિની એવી ક્ષણે પહોંચી જાવ જ્યાં સહજ જ આત્મનિરીક્ષણ, ચરિત્રનિરીક્ષણ, સંઘર્ષ નિરીક્ષણભાવે પંક્તિઓ ઊતરી આવે.***

સાહિત્યના સ્વરૂપ લેખે આત્મકથા લખવી અઘરી છે. સ્વનું વિશ્લેષણ કરવું, પોતાની જાતને ગુણદોષ સહિત સમકાલીન સંદર્ભની પડછે વ્યક્ત કરવી અઘરી વાત છે.

**પૃષ્ઠ-૧૨**

પીપળાના વૃક્ષને સુતરનાં તાર વીંટતાં વીંટતાં એ પણ સાથે વીંટાળાઈ જાય છે. સંસાર સ્ત્રીને વધુ બાંધી લે છે.

**પૃષ્ઠ-૧૬**

સાગર અને મોજાં એક જ છતાં અલગ ઓળખ, અલગ છતાં એક જ જળ. મોજાંની ઉછળેલી એ લહેર અંતે એક વિશાળ અનંત સાગરમાં વિલીન. જળમાં જળ એ તેની નિયતિ.

**પૃષ્ઠ-૨૧**

ચિત્રગુપ્તને એને ચોપડે જે લખવું હોય તે લખે. આમ પણ આપણને ક્યાં વાંચવા મળવાનો છે! હોની હોય સો હોય.

**પૃષ્ઠ-૨૫**

વીતી ગયેલા સમયને કોણ બંદીવાન બનાવી કઠેડામાં ખડો કરી શક્યું છે! સ્વયં ઈશ્વર છે કાલોસ્મિ.

**પૃષ્ઠ-૨૬**

કાંઠે એકલી ઊભી છું. હવે કોની પ્રતીક્ષા! જેઓ સામે કાંઠે પહોંચી ગયાં છે એ તો હવે પાછાં ફરવાનાં નથી.

**પૃષ્ઠ-૨૭**

જો અને તો. બે એકાક્ષરી શબ્દો. એકલપંડ પણ અત્યંત શક્તિશાળી. જો અને તો વચ્ચે અનંત શક્યતાઓનો કેવો મહાસાગર ઘૂઘવતો હોય છે!

**પૃષ્ઠ-૩૫**

ગમે તેટલા સોનાથી સત્યનું મુખ બંધ કરો તો પણ ઈશ્વર બોલે છે. પણ દુનિયાદારીના અવાજમાં આપણે એ અવાજ કાન માંડી સાંભળવો જોઈએ.

**પૃષ્ઠ-૩૬**

કોઈ વાર વસ્તુની કિંમત કરતાં તેનું મૂલ્ય કેટલું વિશેષ હોય છે!

**પૃષ્ઠ-૪૪**

શબ્દ અને અર્થને પેલે પારનું કોઈ અપાર્થિવ તત્ત્વ હશે?

**પૃષ્ઠ-૪૫**

સરળ પ્રશ્નોના ઉત્તરો ક્યારેય સહેલા હોતા નથી.

**પૃષ્ઠ-૪૬**

માયાને પરહરી દેવી, મમતાને મૂકી દેવી શું સહેલી છે! જીવનનું એ જ ચાલકબળ.

**પૃષ્ઠ-૪૮**

શ્રદ્ધાદીપમાં તેલ કદી ખૂટતું નથી.

**પૃષ્ઠ-૫૧**

બધા ગૃહત્યાગ (મહાભિનિષ્ક્રમણ) નથી હોતા અને ગૃહત્યાગથી બ્રહ્મજ્ઞાન થાય જ એવું કોઈ શાસ્ત્રમાં લખ્યું નથી.

**પૃષ્ઠ-૬૪**

ભોમિયા વિના ભમવાનો આનંદ અને ખુમારીની લિજ્જત ઔર છે, શરત એટલી કે ભૂલા પડવાની તૈયારી જોઈએ, પછી જાતને શોધવાની મથામણ.

**પૃષ્ઠ-૬૫**

કોઈ વાર એક જ ઘટના સમગ્ર જીવનને કેવું ઊલટસૂલટ કરી નાંખે છે!

**પૃષ્ઠ-૭૪**

ઝંખનાનું પાત્ર અક્ષય છે.

**પૃષ્ઠ-૭૪**

કાઉન્સેલિંગની ધરખમ ફી લેતાં કાઉન્સેલરોએ ગઈ સદીનાં માબાપો પાસેથી પેરન્ટિંગનો કોર્સ કરવો જોઈએ.

**પૃષ્ઠ-૮૩**

ઈશ્વર તમને હંમેશા વિકલ્પ આપે છે, લડો કે રડો.

**પૃષ્ઠ-૯૦**

વર્કિંગ વુમનને તો શ્રવણની જેમ ઘર અને બહારની કાવડ ખભે જ હોય.

**પૃષ્ઠ-૧૦૭**

જીવનમાં એવું ક્યારેક બને છે કે કાળનો પ્રલંબ પટ વિસરાઈ જાય છે પણ એની ક્ષણશૃંખલામાંથી છૂટી પડેલી કોઈ ક્ષણ, ગ્રહમાળાના ગ્રહોમાંથી છૂટા પડી ગયેલા ગ્રહની જેમ મનના અવકાશમાં સતત ઘુમરાતી રહે છે.

**પૃષ્ઠ-૧૧૩**

## હું પૂછું, તમે કહો

**(1) મૂળ સુરતના કૃષ્ણકાંત (કે.કે.) ભૂખણવાળાએ હરકિસન મહેતાની કઈ નવલકથા પરથી ‘ડાકુરાણી ગંગા’ ફિલ્મ બનાવી હતી?**
(ક) પ્રવાહ પલટાયો (ખ) જોગ સંજોગ
(ગ) પાપ પશ્ચાત્તાપ (ઘ) સંસારી સાધુ

**(2) ચુનીલાલ મડિયાની કઈ વાર્તા પરથી દિગ્દર્શક કેતન મહેતાએ ‘મીર્ચ મસાલા’ નામની હિન્દી ફિલ્મ બનાવી હતી?**
(ક) લીલુડી ધરતી (ખ) વેળા વેળાની છાંયડી
(ગ) અભુ મકરાણી (ઘ) પાવક જ્વાળા

**(3) જેમની ધારાવાહિક હાસ્યકોલમ ‘દુનિયાને ઊંધા ચશ્મા પરથી તારક મહેતાકા ઉલ્ટા ચશ્માં’ ટી.વી. શ્રેણી બની છે એ તારક મહેતાની આત્મકથાનું નામ શું છે?**
(ક) નવું આકાશ, નવી ધરતી (ખ) દોઢ ડાહ્યા તારક મહેતાની ડાયરી
(ગ) એક્શન રિપ્લે
(ઘ) ચિત્રલેખા

**(4) જ્યોતીન્દ્ર દવે અને ધનસુલાલ મહેતાની ‘અમે બધાં’ નવલકથા સૌ પ્રથમ ક્યા સામયિકમાં હપ્તાવાર પ્રગટ થયેલી?**
(ક) ગુજરાત (ખ) બીજ (ગ) નવચેતન (ઘ) અભિયાન

**(5) મહાદેવભાઈ દેસાઈનું જીવનચરિત્ર તેમના જ પુત્ર નારાયણ દેસાઈએ લખ્યું છે તેનું શીર્ષક શું છે?**
(ક) મહાદેવભાઈની ડાયરી (ખ) અર્જુનવાણી (ગ) અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ
(ઘ) શુક્રતારક સમા

**જવાબો**
1-ક, 2-ગ, 3-ગ, 4-ક, 5-ગ

# રંગમંચને અપૂર્વ નાટ્યક્ષણથી ભરી દેનારા વિજયા મહેતા

***વિજયા મહેતાએ રચેલાં દિગ્દર્શિત નાટકો ભારતીય આધુનિક રંગભૂમિના ઇતિહાસનાં ગૌરવપ્રદ પ્રકરણ બની ગયાં છે***


અક્ષરની આરાધના

સંપાદનઃ બકુલ ટેલર

વિજયા મહેતા ૩૦ જૂને ગયાં. દુઃખનો પ્રસંગ છે તો પણ કહેવાનું મન થાય છે કે તેઓ વડોદરામાં જન્મેલાં. (૪ નવેમ્બર ૧૯૩૪). જેમ મરાઠીનાં બહુ મોટા કવિ, વિવેચક, અનુવાદક દીલિપ ચિત્રે વડોદરામાં જન્મેલા તેમ. મરાઠી રંગભૂમિનાં અત્યંત મેધાવી, સર્જનશીલ દિગ્દર્શક અને અભિનેત્રી. તેમની ‘ઝિમ્માઃ આઠવણીંચા ગોફ’ આત્મકથા વાંચો તો એક લાંબી, પ્રતિભાસભર નાટ્યયાત્રાનો પરિચય થશે. વાંચતાં થશે કે મરાઠી રંગભૂમિને કેવા પ્રતિભાશાળી દિગ્દર્શક, અભિનેત્રી મળ્યાં. ૧૯૫૪માં એટલે કે ભારતીય વિદ્યાભવનની આંતરકોલેજ નાટ્યસ્પર્ધા શરૂ થઈ ત્યારથી નાટકની પ્રવૃત્તિનો આરંભ થયો. એ નાટક તે શેક્સપિયરનું ‘ઓથેલો’ નાટકનું મરાઠી રૂપાંતરણ ‘ઝુંઝારરાવ’. એ નાટકમાં નાનાસાહેબ ફાટક, કે. નારાયણ કાલે, રાજા પરાંજપે. મરાઠી દિગ્ગજ અભિનેત્રી દુર્ગા ખોટેએ તેમના ‘મુગલ-એ-આઝમ’ ના કોસ્ટ્યુમ આપેલાં. (વર્ષો પછી દુર્ગા ખોટેના દીકરાને પરણેલા) પણ નાટક પ્રત્યે તેઓ ગંભીર થયાં તે ઈબ્રાહીમ અલ્કાઝીને મળ્યા પછી. વિજયા મહેતા એમ.એ. કરતાં હતાં ત્યારે અલ્કાઝીનાં નાટકમાં ડેસ્ડેમોના બન્યાં. એ મરાઠી, અંગ્રેજી, ગુજરાતી ને પછી હિન્દી રંગભૂમિના સોનાના દિવસો હતા - મુંબઈમાં.

વિજયા મહેતાએ વિલ્સન કોલેજમાં ત્રણેક નાટકોમાં અભિનય કરેલો તે વર્ષો ૧૯૫૧-૫૨નાં. ૧૯૫૩માં તેમણે ભારતીય વિદ્યાભવનની સ્પર્ધા માટે ‘બારહ બજે’ નું દિગ્દર્શન કર્યું તે તેમનું દિગ્દર્શક તરીકેનું પ્રથમ નાટક. ત્યારે તેઓ વિજયા જયવંત. અલ્કાઝીના થિયેટર ગ્રુપમાં કામ કરવાનું શરૂ થયું. ‘નો એક્ઝિટ’, ‘ધ હાઉસ ઓફ બર્માડા’ આલ્બા’, ‘ઈડિપસ’. વિજયા જયવંત દિગ્દર્શનની કલાને જુદી દૃષ્ટિથી જોતાં થયાં પછી વિજય તેંડુલકરનાં ‘શ્રીમંત’ નું દિગ્દર્શન કર્યું અને પુ. લ. દેશપાંડે લિખિત-દિગ્દર્શિત ‘તુઝે આહે તુઝ પાશી’ માં અભિનય કર્યો. એ વખતે દામુ કેંકરે પણ મોટા દિગ્દર્શક. તેમની સાથે ‘હેમ્લેટ’ માં રાણીનો અભિનય કર્યો. તે વખતે પૂર્ણાંકી ને એકાંકી બંનેનાં દિગ્દર્શન કરતાં. વિજય તેંડુલકર અને પુ. લ. દેશપાંડે તે ગાળાના તેમના મુખ્ય નાટ્યલેખકો. સમજો કે વિજયા મહેતા અત્યંત મોટા દિગ્દર્શક તરીકે છવાઈ ગયેલાં. ‘સુંદર મી હોણાર’, ‘શિતુ’, ‘સી જિંકલો ઝી હરલો’, ‘એક શૂન્ય બાજીરાવ’, ‘યાતનાઘર’, ‘અજબ ન્યાય વર્તુળાચા’, ‘જાસ્વંદી’, ‘મુદ્રારાક્ષસ’, ‘હમિદાબાઈ ચી કોઠી’, ‘બેરિસ્ટર’, ‘શાકુંતલ’, ‘પુરુષ’, ‘હયવદન’, ‘વાડા ચિરેબંદી’ અને ‘નાગમંડલ’.

આ બધાં નામો છે ને તે ભજવાયેલાં નાટકોનાં છે. ફિલ્મ હોય તો જોઈ શકાય. નાટક તો સામે બેસીને જોવાય. જેમ શંભુ મિત્રનાં, અલ્કાઝીનાં, હબીબ તનવીરનાં, બી.વી. કારંથના, પ્રવીણ જોશીનાં,



રતન થિયમનાં દિગ્દર્શિત નાટકો આપણે હવે નહીં જોઈ શકીએ તેમ વિજયા મહેતાએ પડદો પાડ્યો તે હવે નહીં ઊઠે. તેઓ ઉંમરના ૯૦ પાર કરી ચૂક્યાં હતાં એટલે દિગ્દર્શન, અભિનય તો અઢી દાયકાથી બંધ હતાં. પણ તેમણે છેલ્લે જે ઉત્તમ કામ કર્યું તે ‘ઝિમ્મા’ લખવાનું. ઝિમ્મા એટલે છોકરીઓ એકબીજા સામે ઊભા રહી, તાળી વગાડી એકબીજાને પંજા પર પંજો મારવાની એક રમત. તેમણે શરૂઆતમાં જ સ્પષ્ટતા કરેલી કે લખવાનું ક્ષેત્ર મારું નથી. મને પુ. ભાગવત અને ડો. જમશેદ ભાભાએ લખતી કરી. મુંબઈમાં જે એન.સી.પી.એ થિયેટર છે તેમાં ભાભાએ થિયેટર ડેવલપમેન્ટ સેન્ટરના પ્રકલ્પ માટે વિજયા મહેતાને કામે લગાડ્યાં. ‘ઝિમ્મા’ લખવાનો આરંભ તો ૨૦૧૦થી કરેલો. ૬૦ વર્ષની કહી શકાય એટલી અભિનય-દિગ્દર્શનની પ્રવૃત્તિ. નાના પાટેકર જેવા અનેક અભિનેતાને તેમણે ઘડેલા. (‘પુરુષ’ બહુ જાણીતું થયેલું નાટક, જેમાં રીમા લાગુ, ચંદ્રકાંત ગોખલે (વિક્રમ ગોખલેના પિતા) પણ હતા. આ ઉપરાંત ‘મહાસાગર’ અને ‘હમિદાબાઈ ચી કોઠી અનેક’). બીજું અનેક એટલે અશોક સરાફ, સુહાસ જોશી, નીના કુલકર્ણી, વિક્રમ ગોખલે, ભારતી આચરેકર, મંગેશ કુલકર્ણી વગેરે. મરાઠી રંગભૂમિ પર કલાકીય શિષ્ટ અને રંગમંચીય ગાંભીર્ય લાવનાર એક તે વિજયા મહેતા. આધુનિક રંગભૂમિ જેને કહેવાય તે વિજયા મહેતા જેવાનાં નાટકોથી સ્વયં મરાઠીનાં પ્રેક્ષકો સમજ્યાં. તેમણે મરાઠી, હિન્દી, ભારતીય ભાષાનાં તે વેળાનાં નવાં નાટકો નવી નાટ્યદૃષ્ટિથી મંચ પર સાકાર કર્યાં. દિગ્દર્શનની કલામાં ભજવણીનાં પ્રકરણોનું વૈવિધ્ય પણ હોવું જોઈએ. તેમણે ‘શાકુંતલ’ને સંસ્કૃત ભજવણીની રીતે ભજવેલું. વિજયા મહેતાએ પુસ્તક તરીકે પ્રગટ થયેલા માત્ર ‘હયવદન’, ‘મુદ્રારાક્ષસ’ જેવાં નાટકો જ દિગ્દર્શિત કર્યાં છે બાકી તેમણે નવાં લખેલાં નાટકોનું જ દિગ્દર્શન કરવું પસંદ કર્યું. આ કારણે લેખક પાસે દશ્યો ઉમેરાવી શકે યા પડતાંય મૂકી શકે. એટલે ‘બેરિસ્ટર’, ‘હમિદાબાઈ ચી કોઠી’ યા તેંડુલકરનાં નાટકોમાં વિજયા મહેતા વિષય ને રજૂઆતની તાજપતા લાવી શકેલાં.

૧૯૬૦ પછીની ભારતીય આધુનિક રંગભૂમિમાં ગુજરાતે ઓછું પ્રદાન કર્યું છે. પ્રવીણ જોશી જબરદસ્ત વિઝનરી દિગ્દર્શક પણ તેઓ પ્રેક્ષકપ્રિય થવામાં મૌલિક નાટકો ઓછાં કરી શક્યા. તેમની રજૂઆતમાં મૌલિકતા હતી. વિજયા મહેતા જેવા દિગ્દર્શક-અભિનેત્રીનાં પ્રદાનને હબીબ તનવીર, કારંથ, અલ્કાઝી, સત્યદેવ દુબે, જબ્બાર પટેલ, રતન થિયમ, પણીક્કર જેવા દિગ્દર્શકોમાં કાર્યો સાથે ઓળખાવાશે. નાટકની કારકિર્દીના આરંભે અભિનેત્રી વિજયા જયવંતને પી.ડી. શિનોયે કહેલું કે રંગભૂમિ પર આપણે કેવા દેખાઈએ છીએ તેમાં પડવાનું જ નહીં, કોણ અને કેવા દેખાઈએ તેની પર જ ધ્યાન આપવું. ‘Love the art in you’. વિજયા મહેતાનાં એવા સૂત્ર બની જતો સિધ્ધાંતો તેમના અભિનેતા-અભિનેત્રી માટે કાયમી બની ગયેલા. વિજયા મહેતા વડે મરાઠી રંગભૂમિ ‘નવ્ય’ બનેલી. આમ બનવાનું એક કારણ તેમણે લેખકો પાસેથી મેળવેલાં નાટક. મહેશ એલકુંચવારનાં ‘હોળી’ અને ‘સુલતાન’ એકાંકી નાટક ભજવ્યા પછી ‘વાડા ચિરેબંદી’ તેમની પાસે લખાવ્યું. તેંડુલકરનાં તો અનેક નાટકો વિજયા મહેતા માટે જ પ્રથમ બનેલાં. વિજયા મહેતા જેવા દિગ્દર્શક કોઈ પણ ભાષાની રંગભૂમિ માટે વરદાન સમા બને છે. હવે તેઓ સ્મૃતિમાં ચાલી જશે પણ તેમના પ્રદાનને યાદ કરો તો ઈતિહાસમાં સંચાર અનુભવાશે. ‘ઝિમ્મા’ વાંચતા થશે કે તે માત્ર આત્મકથા નથી બલ્કે વીત્યાં ૫૦ વર્ષની મરાઠી રંગભૂમિનો અને ભારતીય થિયેટરનો આલેખ છે. તેની પાંચથી વધુ આવૃત્તિ થઈ ચૂકી છે. ગુજરાતીમાં જયશંકર સુંદરીની આત્મકથા જેમતેમ બીજી આવૃત્તિએ પહોંચી છે. હવે તમે જ કહો વિજયા મહેતા વડોદરામાં જન્મ્યાનું ગૌરવ લઈએ તો છેલ્લા વાક્ય સુધીમાં તે પ્રશ્નો વચ્ચે મૂકી દેશે. એ રંગભૂમિના પ્રશ્નો છે. આવજો વિજયા મહેતા.

## અનેક વિષયો પર પ્રતિક્રિયા અને સંવેદના જગાડતું લેખન

ચર્ચાપત્રોને પણ લઘુ નિબંધિકાની ઓળખ આપી શકે તો ‘શબ્દોની આંખમાં આકાશ’ પુસ્તક થઇ શકે. જ્યા રાણા કવિયત્રી પદવાંચ્છુ તો છે જ હવે તેઓ પોતાને નિબંધિકાર પણ ગણાવી શકે. 65 લઘુલખાણ ધરાવતા પુસ્તકમાં દાખવી અનેક વિષયો પર લખાયું છે અને અલબત્ત એક સારા નાગરિક તરિકે સંવેદના તેમાં પ્રગત થાય છે. વર્તમાન સમયના નાગરિક વ્યવહાર અને સામાજીકતામાં જે મર્યાદા દેખાય છે તેને તેઓ મુદ્દા તરીકે ઓલખે છે. ઘાડાં ને ઘાડાં આશ્રમમોની વાટ




પકડે છે. સત્સંગના નામે નર્યો કુસંગનો (-52) આ પતંજલિવાળા બાબાએ લોકોને જાહેરાત આપીને પોતાની તરફખેચ્યા. આયુર્વેદિક તેમનું થોડુ છે? (-28) ‘મારા ચકલીઓના ટોળાને કોઇ પાછી લાવી આપો’ શીર્ષક હેઠળ બગડેલા પ્રયાવરણ થી પંખી જગત દૂર થવાની વેદના. જશના સાત અંગોનું દાન કરનારા તેમના માતા- પિતાને પોંખતું ‘ અઢી વર્ષનો જશ અમર બની ગયો ! જેવા અનેક વિષય પર થોડા શબ્દોમાં વાંચકોને મુદ્દા માં રહેલા પ્રશ્ન તરફ દોરવતી દ્રષ્ટિ ગમે તેવી છે. ફિલ્મ મેકર મહેશભટ્ટ પર પ્રહાર કરવામાં તદ્દન એઠડા વગરની ફિલ્મ બનાવનાર મહેશભટ્ટ કહીં નાખે ત્યારે થાય કે બહેન ક્મોલ્માદમાં ચાલી ગયા છે. પણ આ નાનકડા પુસ્તક માં ઘણા લખાણ ગુજરાતમિત્ર માટેનાં છે અને તેમાં આ અખબાર માં પ્રગત થતી સમાચાર અને લેખ સામગ્રી વિશે પ્રશસ્તિભાવે લખ્યું છે. મુળ સુરતીને પોતાના અખબાર માટે આટલી લાગતી હોય છે. જયાબેન ઘણા મુદ્દે પ્રતિક્રિયાશિલ રહી અને ઘણીવાર સંવેદનશીલ બની લખે છે ત્યારે તેમના ‘શબ્દની આંખમાં આકાશ’ જોઈ શકાય છે. ‘ગુજરાતમિત્ર’ અખબાર ચર્ચાપત્ર કોલમ વડે ઘણાનાં લેખન કૌશલ્યને ઘડતું રહ્યું છે. હમણાં બની રહ્યું છે એવું કે અખબારનાં પ્રગટ એવા લખાણો પુસ્તક સ્વરૂપે પ્રગટ એવા લખાણો પુસ્તક સ્વરૂપે પ્રગટ થાય ત્યારે તેના પ્રકાશક પણ પોતે જ હોય છે. આજકાલ કરાઓક પર ગાનારા પોતાને ગાયક - ગાયિકા સમજવા માંડ્યા છે તેના જેવું જ આ ‘ લેખક ’ ઓળખનું થવા બેઠું છે. પોતાને મોટા બનાવવા કળા સ્વરૂપોની વ્યાખ્યા સાંકડી કરો. ખેર! આ પુસ્તક સમ- સંવેદનશીલ અખબારી વાંચકોને ગમશે.

**પુસ્તકઃ** શબ્દની આંખમાં આકાશ **લેખકઃ** જ્યા એન. રાણા **પ્રકાશકઃ** શ્રી રાધે એન્ટરપ્રાઈઝ, શાહપુર દરવાજા બહાર, અમદાવાદ -4 **મૂલ્યઃ** રૂા.175/-

## માત્ર ચટાકા નહીં, સમજવા જેવી વિચાર-વાનગી

આ વાનગીને તે વાનગી, દેશી અને પરદેશી વાનગી વિશે ચસાવેલા પુસ્તકો ક્યારેક જ વપરાય છે. લોકો દાળ-ઢોકળી, રિંગણ-બટાકા, ખીચડી-કઢીનાં જૂનાં સ્વાદો પર ઊતરી આવે છે. એવા પુસ્તકબાજુ પર મુકી ‘ઈતિહાસ કી થાલી’વાંચો. તેમાં રેસિપી નથી છતાં ખાણિપીણીનાં શોખીનોને ચટાકો પડે તેવી ઘણી વાંચન- વાનગી છે. ‘ક્યા જરૂરત થી’શીર્ષકવાળા લેખમાં અમેરિકન સીવિલ વોર, ઓ.હેન્રીની વાર્તાની વાત કરતાં અનેક વાનગીઓ બનાવવાની રીતનું વર્ણન થયું છે. તો ભારત-પાકિસ્તાનનાં ભાગલાના કારણે ખાણીપીણી પર શું અસર પડી જેવા વિષય અહીં છે. એક લેખ વિધવાઓનાં ભોજન વિશે છે. વિધવાઓ તામસિક યા ગરમ તાસીરવાળા ખાણા ખાઈ શકતી નહીં.



ઉત્તેજના જાગે એવું ખાય ને અસર કરે તો વિફવા વશમાં ન રહે. પણ બંગાળી વિધવાઓ નવા પકવાન શોધાયા પણ તેમાંય નિરામિષ વિધવાઓ માટે અને માંસાહાર પુરુષો માટે. આ પુસ્તક જૂદા જ અભિગમથી લખાયું છે અને તેમાં એક પ્રકરણ ચા પર પણ છે અને તેમાં કહેવાયું છે કે અંગ્રેજો આવ્યા પહેલાં પણ ભારતમાં ચા હતી. તેમાં ચા ના વેપારની અનેક વાતો ય વણી છે અને તેમાં ઘણી રોચક વિગતો છે. શું ફેમિનિસ્ટ સ્ત્રીઓ જમવાનું નહીં બનાવે? હા, એવોય એક વિષય છે. ખાણિપીણીના વિખ્યાત લેખક પુષ્પેશ પંતે કહ્યું છે કે ભારતના દરેક જવાબદાર નાગરિકે આ પુસ્તક વાંચવુ જોઈએ. તો તમે જો તમને જવાબદાર નાગરિક સમજતા હો તો વાંચો આ પુસ્તક.

**પુસ્તકઃ** ઇતિહાસ કી થાલી **લેખકઃ** અનિમેષ મુખર્જી **પ્રકાશકઃ** પેંગુઇન રેન્ડમ હાઉસ, ગુરુગ્રામ-૧૨૨૦૦૨, હરિયાણા- ભારત **કિંમતઃ** ૨૯૯/-

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### સ્વસ્થ સમાજ

હમણાં થોડા દિવસ પહેલા ભાઈ શ્રી પ્રવીણ પરમાર, સુરત દ્વારા સમાજમાં વધતી જતી હિંસા વિષે ચર્ચા પત્રમાં લખવામાં આવ્યું હતું. એમની વાત બિલકુલ સાચી છે. આપણા સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધવા છતાં દિવસેને દિવસે હિંસાનું પ્રમાણ વધતું જાય છે. હાલમાં એક સમાચાર વાંચવા મળ્યા કે ગોંડલ (સૌરાષ્ટ્ર) ના એક ગામમાં માતા પિતાએ પોતાના પુત્રની હત્યા કરી નાખી. કારણમાં પુત્ર કૃષિ ક્ષેત્રમાં સ્નાતક હતો અને તે સરકારી નોકરીની તૈયારી કરી રહ્યો હતો. જયારે માં બાપ તેમના ચા ના ધંધામાં બેસાડવા માંગતા હતા. એ બાબતે તેમની વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. છેવટે માતા પિતાએ પુત્રને મારી નાખ્યો. શું આ આપણા સભ્ય સમાજની નિશાની છે. છાપાઓમાં અવાર નવાર હિંસાના સમાચારો જોવા મળે છે. આપણો સમાજ સ્વસ્થ સમાજ ક્યારે બનશે ? દરેક પ્રશ્નનો ઉકેલ ઘાતક હિંસાથી જ આવે છે. એવું માનવું ભૂલ ભરેલું છે.વળી પોતાના જુદા વિચારથી જીવવું, પોતાની રીતે જીવવું અને પોતાને ગમતું કામ કરવું એ દરેકનું સપનું હોય છે. જો કે દરેક એમાં સફળ થતા નથી પરંતુ ઉપર જણાવેલ કિસ્સો તો ચોકાવનારો છે. આજના આધુનિક યુગમાં દિવસે દિવસે નજીવી વાતોમાં હિંસા થતી જોવા મળે છે. આવી હિંસા અને ગુનાઓ અગાઉના દિવસોમાં બહુ ઓછા બનતા હતા.જો કે એને માટે આજનું વાતાવરણ પણ જવાબદાર છે. શિક્ષણના વધતા વ્યાપ વચ્ચે હિંસક સમાજ જીવન એ બે વચ્ચે મેળ ખાતો નથી. આજના યુગમાં માનવીય સંવેદના નાશ પામી રહી હોય એવું લાગી રહ્યું છે.આ બાબતે સમાજમાં જાગૃતિ લાવવી જરૂરી છે.

**નવસારી - હિતેન્દ્ર ટેલર**

### ગુજરાતમાં બેરોજગારી અને કથળતું શિક્ષણ

આપના લોકપ્રિય અખબારના માધ્યમથી હું રાજ્યની એક ગંભીર સમસ્યા ‘બેરોજગારી અને શિક્ષણની ગુણવત્તા’ તરફ સરકાર અને સમાજનું ધ્યાન દોરવા માંગું છું. આજે ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે, પરંતુ બીજી તરફ રાજ્યનો શિક્ષિત યુવાન બેરોજગારીના ખપ્પરમાં હોમાઈ રહ્યો છે. આ વિરોધાભાસનું મુખ્ય કારણ આપણી વર્ષો જૂની શિક્ષણ પ્રણાલી છે, જે ઉદ્યોગોની આધુનિક જરૂરિયાતો સાથે તાલ મિલાવવામાં નિષ્ફળ રહી છે. શાળાઓ અને કોલેજો માત્ર ‘ડિગ્રીઓ આપતી ફેક્ટરી’ બની ગઈ છે, જ્યાં કૌશલ્ય (Skills) આધારિત શિક્ષણનો ઘોર અભાવ છે. પરિણામે, ઉચ્ચ ડિગ્રી હોવા છતાં યુવાનો બજારમાં બિનઉપયોગી સાબિત થાય છે. વધુમાં, સરકારી નોકરીઓની ભરતીમાં વારંવાર થતા પેપર લીક અને કૌભાંડોએ મહેનતુ યુવાનોની આશા પર પાણી ફેરવી દીધું છે. વ્યવસ્થા પરથી ભરોસો ઊઠી જતાં, ઉચ્ચ શિક્ષિત યુવાનો પટાવાળા જેવી નાની નોકરીઓ કરવા મજબૂર બન્યા છે અથવા લાખો રૂપિયાના દેવા કરીને વિદેશ પલાયન કરી રહ્યા છે. જો આ માનવધનનો યોગ્ય ઉપયોગ કરવો હોય, તો સરકારે શિક્ષણમાં આમૂલ પરિવર્તન લાવી પ્રેક્ટિકલ નોલેજ પર ભાર મૂકવો પડશે અને ભરતી પ્રક્રિયા પારદર્શક બનાવવી પડશે.

**સુરત - પરમાર સુરેશ એમ**

### મોબાઈલ અને માસૂમ બાળકો

સમયના પ્રારંભક કાળમાં બાળક રડતું હોય અને જમવાનું જમતું ન હોય તો વડીલ પાસે એકમાત્ર લાલચ બાળકને મોબાઈલ આપીને ખોળામાં બેસાડીને ખવડાવવામાં આવે છે. ઘણા બાળકો જમવા સમયે મોબાઈલમાં જોતા જોતા મોઢામાં કોળીયો લેતા હોય છે.બાળકને એ પણ ખબર નથી હોતી શું ખાઈ રહ્યો છે.માતા-પિતા અથવા દાદા-દાદીના કઠોર હાથથી કોમળ હોઠ પર અન્નદાન થાય છે. તે સમય પસાર થાય છે.પરંતુ અમુક અંતરાલ બાદ બાળક શાળાએ જવાની શરતમાં પ્રથમ મોબાઈલની જીદ પકડે છે. આખરે એ જીદ પુરી ન થાય એટલે એ બે ઘડીનો વિચાર કર્યા વગર કોઈ પંખા સાથે કોઈ બારી સાથે લટકીને જીવન ટૂંકાવે છે.કોઈ ઊંચા ફ્લેટમાંથી કૂદકો મારીને આત્મહત્યા કરે છે. પોતાની હસ્તી રમતી જિંદગીનો એક પળમાં અંત લાવે છે. મતલબ મોબાઈલની લત પાડવાની શરૂઆત ઘરના સભ્યોએ જ કરી હતી. આવા લાગણી પ્રેમના વિચારમાં બાળકને મોબાઈલ આપીને ખવડાવવું અથવા રડતું છાનું રાખવું તે અમુક ઉંમરે વિષકારક સાબિત થાય છે.એના માટે એકમાત્ર ઉપાય એટલે કુમળા છોડને વાળો તેમ વળે તેના આધારે થોડી બાળ-કઠોરતા હોવી જોઈએ. નહીં તો પાંકે ઘડે કાંઠો ન ચઢે શરૂઆતનો રડવાનો અવાજ અને વસ્તુ આપ્યાનો આનંદ બંને માટે કશું ગુમાવ્યાનો કે ખોટું થયું હોવાનું દેખાતું નથી. અંતે આ આનંદ બાળકની કિશોરાવસ્થા કે યુવાવસ્થામાં આ રીત પરિવાર માટે પાંગળી સાબિત થાય છે. નવી શિક્ષણનીતિ (2020) બાળકની સ્કિલ પર વધુ ભાર આપવાની વાત કરે છે.તે એક હકારાત્મક સારુ પાસું છે.જેનું યોગ્ય અમલ થશે તો નવી પેઢી માટે સંકટમોચન સાબિત થશે.

**સુરત - હરિશકુમાર ચૌધરી**

### રીક્ષાઓનાં ગેરકાયદેસર દબાણ

સુરતનો રાજમાર્ગ એવા ચૌટાપુલથી ભાગાતળાવ સુધીના વિસ્તારમાં રીક્ષાચાલકો લાઈનબંધ રીક્ષાઓ ઊભી રાખીને ગેરકાયદેસરનું દબાણ ઊભું કરે છે જેમાં વિપરીત પરિણામ અસર ત્યાંના સ્થાનિક દુકાનદારો અને રાહદારી માટે મુશ્કેલી ઊભી થાય છે અને ટ્રાફિક બ્લોક થવાની પણ સમસ્યા ઉદભવે છે. આ અંગે મનપા દબાણ ખાતું અને મ્યુ.કમિશ્નરના કાર્યવાહી કરીને તાત્કાલિક આ રીક્ષાચાલકો દ્વારા ઊભી કરેલી રસ્તાઓ પરના દબાણની સમસ્યા દૂર કરે જે જનહિતમાં જરૂરી છે.

**સુરત - રાજુ રાવલ**

### વિકાસ સારો છે પણ આમ જનતાનું શું?

રવિપૂર્તિમાં ચિરંતના ભટ્ટ બહેનનો લેખ વાચ્યો તેમાં જે વાત કરી તે ખરેખર સાચી છે. આજે આપણી આસપાસ ચળકતા મોલ, ફ્લાયઓવર્સ, ગ્રીનફિલ્ડ સિટીઝ અને મેગા પ્રોજેક્ટ્સનું મોટું નેટવર્ક દેખાઈ રહ્યું છે, જે ચોક્કસપણે ગર્વની બાબત છે. પરંતુ આ ઝાકઝમાળ વચ્ચે એક મોટો પ્રશ્ન એ ઊભો થાય છે કે - આ વિકાસમાં ‘આમ જનતા’ ક્યાં છે? મોંઘવારી આસમાને આંબી રહી છે, શિક્ષણ અને આરોગ્ય જેવી પાયાની જરૂરિયાતોનું એટલું વ્યાપારીકરણ થઈ ગયું છે કે તે મધ્યમ અને ગરીબ વર્ગની પહોંચ બહાર જઈ રહ્યું છે. મોટા ઉદ્યોગો આવવા છતાં સ્થાનિક યુવાનો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે. જે વિકાસ સામાન્ય માણસના ખિસ્સાને રાહત ન આપે, તેના થાળીના રોટલાને સુરક્ષિત ન કરે અને રોજીંદી જીંદગીને સરળ ન બનાવે, તે વિકાસ માત્ર આંકડાકીય માયાવી જાળ સમાન લાગે છે. સાચો વિકાસ એ છે જે છેવાડાના માનવી સુધી પહોંચે. પ્રશાસને માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર નહીં, પણ માનવ વિકાસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની તાતી જરૂર છે.

**સુરત - રસિક કોશિયા**

### ટ્રાફિક સિગ્નલ પર લાલ લાઈટનું ઉલ્લંઘન

આજે રસ્તાઓ પર બે મિનિટની ઉતાવળ કે સહેજ વહેલા પહોંચવાની લ્હાયમાં લોકો પોતાની અને અન્યોની જિંદગી દાવ પર લગાવી રહ્યા છે. સિગ્નલ બંધ હોય ત્યારે પણ વાહનો દોડાવવા એ માત્ર નિયમભંગ નથી, પરંતુ ગુનાહિત માનસિકતા છે. આવી લાપરવાહીના કારણે જ ચાર રસ્તાઓ પર ગમખ્વાર અકસ્માતો થાય છે, જેમાં કેટલાય નિર્દોષ લોકો જીવ ગુમાવે છે અથવા કાયમી અપંગ બને છે. આ સમસ્યા પાછળ ટ્રાફિક સેન્સનો અભાવ અને કાયદાનો ડર ન હોવો એ મુખ્ય કારણ છે. માત્ર સીસીટીવી (CCTV) કે ઈ-મેમો ફાટવાથી લોકો સુધરશે નહીં. જ્યાં સુધી નાગરિકો પોતે સ્વયંશિસ્ત નહીં કેળવે ત્યાં સુધી આ જોખમ ટળવાનું નથી. પ્રશાસને પણ આવા વાહનચાલકો સામે કડક કાનૂની કાર્યવાહી કરવી જોઈએ જેથી રસ્તાઓ સુરક્ષિત બની શકે.

**સુરત - નિમાવત મોહિત**